પુરક પોષણના નાણાંકીય દરોમાં

સુધારા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઇસીડી-૧૧૨૦૧૩-૫૯૨-બ
સચિવાલય, ગાંધીનાગર
તા. ૦૩-૦૨-૨૦૧૮

સંદર્ભઃ-

(૧)ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના પત્ર No.CD-1-11/2/2016–CD–I, તા.૦૬-૧૦-૨૦૧૭
(૨) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના પત્ર F. No. SAG/2/2017, તા. ૦૬-૧૦-૨૦૧૭
(૩) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો પત્ર નં આઇસીડીએસ- પોષણ–૨–રીવાઇઝ નોર્મ્સ – મંજુરી– ૪૮૯૧૬–૨૦૧૭, તા. ૨૮-૧૧-૨૦૧૭

ઠરાવઃ-

સંદર્ભ (૧) થી Anganwadi Services of Umbrella ICDS Scheme હેઠળ પુરક પોષણ કાર્યક્રમ માં ૬ માસથી થી ૬ વર્ષ સુધીના બાળકો, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓ તેમજ ૬ માસથી થી ૬ વર્ષ સુધીના અતિ કુપોષિત બાળકોને પુરક પોષણ પુરૂ પાડવા અંગેના નાણાંકીય દરોમાં સુધારા કરવામાં આવેલ છે. સંદર્ભ (૨) થી Scheme for Adolescent Girls of Umbrella ICDS હેઠળ કિશોરીઓની યોજના માં પુરક પોષણ પુરૂ પાડવા અંગેના નાણાંકીય દરોમાં સુધારો કરવામાં આવેલ છે.

ભારત સરકારના નાણાં મંત્રાલયના ખર્ચ વિભાગની મંજુરીથી Consumer Food Price Index (CFPI) આધારીત પુરક પોષણના વાર્ષિક દરો નિયત કરવામાં આવશે.

૨/. તદ્દ અન્વયે Anganwadi Services of Umbrella ICDS Scheme હેઠળ પુરક પોષણના દરોમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| અ.ક્ર.નં | લાભાર્થી | પ્રવર્તમાન દર (રૂ।/દિવસ/ લાભાર્થી) | સુધારેલ દર (રૂ।/દિવસ/ લાભાર્થી) |
|---|---|---|---|
| ૧ | બાળકો ( ૬ માસ થી ૭૨ માસ ) | રૂ। ૬ – ૦૦ | રૂ। ૮ – ૦૦ |
| ૨ | સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓ | રૂ। ૭ – ૦૦ | રૂ। ૯ – ૫૦ |
| 3 | અતિ કુપોષિત બાળકો ( ૬ માસ થી ૭૨ માસ ) | રૂ। ૯ – ૦૦ | રૂ। ૧૨ – ૦૦ |

વધુમાં, Scheme for Adolescent Girls of Umbrella ICDS હેઠળ કિશોરીઓની યોજનામાં પુરક પોષણના દરોમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| અ.ક્ર.નં | લાભાર્થી | પ્રવર્તમાન દર (રૂ! / દિવસ લાભાર્થી) | સુધારેલ દર (રૂ! / દિવસ લાભાર્થી) |
|---|---|---|---|
| ૧ | શાળાએ ન જતી ૧૧ થી ૧૪ વર્ષની કિશોરીઓ | રૂ! ૫ – ૦૦ | રૂ! ૯ – ૫૦ |

ભારત સરકારશ્રીના ઉપરોક્ત સંદર્ભ (૧) અને (૨)ના પત્રોની જોગવાઇઓ તથા સંદર્ભ (૩) ની દરખાસ્ત અનુસાર ઉપર દર્શાવેલ સુધારેલ પુરક પોષણ ના દરો મુજબ ખર્ચ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે. આ અંગેની અમલવારી ઠરાવની તારીખથી કરવાની રહેશે.

૩. સુધારેલ પોષણ દર ધ્યાને લઇ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા લાભાર્થી પ્રકાર વાઇઝ કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીના નીતિ નિયમો મુજબ પોષણ વાનગીઓ નક્કી કરી તે માટેની સુધારિત માર્ગદર્શિકા બહાર પાડવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ જે તે બજેટ સદર હેઠળ કરવામાં આવેલ નાણાંકીય વર્ષ ૧૭-૧૮ ના સુધારેલ અંદાજોમાં તથા નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯ ની જોગવાઇમાં થી કરવાનો રહેશે.

૫. આ હુકમો વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા. ૨-૨-૨૦૧૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. રા.ક. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, નાણાં, સચિવાલય, ગાંધીનગર

નિયામકશ્રી, આઇ.સી.ડી.એસ., કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર

જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, તમામ...........

મ્યુ. કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, તમામ..........

ડે. મ્યુ. કમિશ્નરશ્રી, મહાનગર પાલિકા, તમામ.........

જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી, જિલ્લા તમામ.......